# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/14 Dt. 22/06/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ધંધા-ઉદ્યોગની વૃદ્ધિમાં પરિવારના મહત્વ વિશે સેશન યોજાયું

### ભારતના કુલ જીડીપી (GDP)માં ફેમિલી બિઝનેસ એટલે કે કૌટુંબિક વ્યવસાયોનો હિસ્સો સૌથી મોટો છે – ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### પરિવારનું ફ્યુચર બાય ડિઝાઈન કરવા માટે વિઝન, સ્ટ્રેટર્જી, અલાઈમેન્ટ તથા એક્ઝિક્યુશન સૌથી મહત્વનું હોય છે - ફેમિલી બિઝનેસ મેન્ટર રાકેશ જૈન

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવારે, તા. ૨૦ જૂન ૨૦૨૬ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'પરિવાર પ્રથમ – Family Harmony for Business Growth' વિશે સેશન યોજાયું હતું. જેમાં ફેમિલી બિઝનેસ મેન્ટર શ્રી રાકેશ જૈને પરિવારના સહયોગથી પારિવારિક એકતાથી ઉદ્યોગમાં સફળતા મેળવવાના વિવિધ માર્ગો વિશે સમજ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આપણું સૂત્ર બહુ સ્પષ્ટ છે – 'જ્યારે પરિવારમાં શાંતિ હોય, ત્યારે જ બિઝનેસ શક્તિશાળી બને છે. જો આપણે આર્થિક આંકડાઓ પર નજર કરીએ, તો ભારતના કુલ જીડીપી (GDP)માં ફેમિલી બિઝનેસ એટલે કે કૌટુંબિક વ્યવસાયોનો હિસ્સો સૌથી મોટો છે.

સુરતના ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ જેવા ઉદ્યોગો રાજ્યના મેન્યુફેક્ચરીંગ જીડીપીમાં મહત્વનો ભાગ ધરાવે છે, અને આ બધા જ ઉદ્યોગો પરિવારો દ્વારા ચલાવવામાં આવે છે. આપણા દેશ અને શહેરની પ્રગતિની ખરી તાકાત આપણા પરિવારોના સંસ્કારો અને સંપમાં રહેલી છે.

ફેમિલી બિઝનેસ મેન્ટર શ્રી રાકેશ જૈને જણાવ્યું હતું કે, 'ઇતિહાસમાં પણ જોઇએ તો જે પરિવાર એક-સાથે રહે છે, એનો જ વિકાસ થાય છે. કારણ કે દરેક વ્યક્તિમાં અલગ-અલગ ગુણો હોય છે, જ્યારે એ બધા ગુણો ભેગા થાય છે, ત્યારે સફળતા મળવી સરળ બને છે. હાલમાં પરિવારો વધુ તૂટી રહ્યા છે, જેના પાછળ પરિવારના લોકોના મનમાં બીજા વ્યક્તિને વધુ મહત્વ મળે છે તેવી લાગણી અને નાણાંકીય અસમાનતાની લાગણી હોય છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પરિવારનું ફ્યુચર બાય ડિઝાઇન કરવા માટે તમને શું જોઇએ છે? તેનો જવાબ તમારી પાસે હોવો જોઇએ એટલે કે વિઝન હોવું જોઇએ, તમારા વિચારોને આગળની પેઢી સુધી પહોંચાડવા મહત્વનું છે (સ્ટ્રેટર્જી), પરિવારમાં અલાઇમેન્ટ રાખવું (અલાઇમેન્ટ), કાર્ય અથવા કાર્યને યોગ્ય રીતે એક્ઝિક્યુટ કરવાનું રાખો (એક્ઝિક્યુશન) આ ચાર બાબતોનું સમતુલન બનાવી રાખવાથી પરિવારની સાથે બિઝનેસમાં સફળતા મળે છે. વેલ્યુ ક્રિએશન ત્યારે જ થાય, જ્યારે ગ્રાહકની માંગને પહોંચી વળાય છે.

ચેમ્બરના માનદ્ સેક્રેટરી શ્રી પરેશ લાઠિયાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી, જ્યારે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલે વક્તાનો પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમમાં ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી રવિ રાજ દેસાઇ, ઓલ એક્ઝિબિશન ચેરમેન શ્રી મનિષ કાપડિયા તેમજ વિવિધ ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. સેશનના વક્તાશ્રીએ ઉપસ્થિતોને મૂંઝવતા પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા. ચેમ્બરની હોસ્પિટાલિટી, ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ કમિટીના ચેરમેન શ્રી વિનેશ શાહે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું તથા અંતે ઉપસ્થિત સર્વેનો આભાર માની, સેશનનું સમાપન કર્યું હતું.